ચંદન ચોંટાડે હરકોઈ

ચંદન ચોંટાડે હરકોઈ, મન પર દ્રષ્ટિ સ્થિર ના થઈ,
ધોળે દિવસે લૂંટાઈ જાય, ચોર ખરેખર તે કહેવાય.

પંચેન્દ્રિય વિષયો ને કામ, આદિ અંતે ઠાલાં ઠામ,
આસક્તિમય આકર્ષણ, જીવાત્માનું મૂઢ - દર્શન.

લોહ-ચુંબકનું આકર્ષણ, પરમાણુંનું ગુણ - દર્શન.
અશુદ્ધ ઉકળાટે પૂરણ, વિશુદ્ધ ઠંડકમાં જ ગલન.

સૂક્ષ્મ-વિષયની તૃપ્તિ મહીં, સાધન બળતરા પંચેન્દ્રિય,
સાધન-સાધ્ય થયું તે જોઈ, 'લક્ષ'ની દ્રષ્ટિ છે ખુદ રોઈ.

અસલી મીઠપ આત્માની, નકલી અશુદ્ધ વિષયોની,
ક્ષેત્રજ્ઞ જયાં ક્ષેત્રાકાર, ખુદ આરાધે નર્કાગાર.

પર આધીન પુદગલ પર મોહી, સ્વાધીન સુખ સુંદરતા ખોઈ,
'જીવ' નું હું-પદ સર્જન જોઈ, કાળાણુંએ કાયા ધોઈ.

અનાત્મ અજ્ઞે ઉનાળો, શુદ્ધાત્મ જ્ઞાને શિયાળો,
જગ, જીવાત્મા સ્વિકૃતિ, ભવ અનાત્મા વિકૃતિ.

જીવાત્મા છે અજીરણી, 'શુદ્ધાત્મા' 'આ' સંજીવની.
નીલકંઠની શક્તિ જોઈ, ઝેરી અશક્તિ ખુદ, ખૂબ રોઈ.

અજર અભયની અમૃતી, અમૂલ અતૂટ આવૃત્તિ,
અણ-ઊકલ્યા ગૂંચવાડાની, ઉકેલે આંટી 'આ' મૂર્તિ.

ગનેગારી પકડાઈ ગઈ, ગત જન્માંકીત આડાઈ,
ગત જન્માંકીત આડાઈ, ગનેગારી પકડાઈ ગઈ.

● ● ●